# ખોવાયા છે બળકટ શબ્દો

વર્ષા અડાલજા

મારી નવલકથા અખબારમાં ક્રમશઃ પ્રગટ થતી હતી. પ્રકરણ પ્રેસમાં જતું હોય ત્યારે રાતની ફરજ પરના પરિચિત પત્રકાર ભાઈ મને ઘણી વાર ફોન કરે : વર્ષાબહેન, તમે એક જગ્યાએ મનની ભોગળ લખ્યું છે, તો ભોગળ એટલે શું ? તમારી ભૂલ નથી થતી ને ! એને ભવાઈમાં ભૂંગળ વાગે છે તો એને ભૂંગળ સાથે કોઈ લેવાદેવા ખરી ? બીજા શબ્દો માટે પણ ફોન આવતા રહ્યા, અંજલિનું ચાંગળું પાણી લખ્યું છે તો ચાંગળું બરાબર છે ? ચાંગળુ એટલે ખારું કે મીઠું પાણી એવો અર્થ થાય ? અને ઘરનો મોભ એક જગ્યાએ વાક્ય આવે છે તો મોભ એટલે પાયાપૂરણી થાય ને ?

હું તેમને અર્થ સમજાવું પછી પોતે જ કહ્યું : અખબારમાં કામ કરતાં મારો ભાષા સાથે કોઈ સંપર્ક જ નથી. સમય પણ વાંચવાનો મળતો નથી. ખૂબ દૂરના પરામાં રહુ છું, લોકલમાં ઝોકાં ખાતો ઘરે પહોંચું ત્યારે ટીવી અને પથારી દેખાય. જોકે મેં વાત જારી રાખી ત્યારે એ બોલી ગયા : રજાને દિવસે, ઘરે હોય ત્યારે ટી.વી. સિરિયલ્સ અને કમ્પ્યૂટર પર ગેમ્સ રમું છું, મજા આવે છે.

ઘણા વખત પહેલાં એક પત્રકાર થવા માંગતી હોંશીલી યુવતી મારે ઘરે આવી : તમારો ઇન્ટરવ્યૂ લેવો છે. મેં કહ્યું : મને પહેલાં પ્રશ્નો લખીને બતાવો. તદ્દન સામાન્ય બે-ત્રણ પ્રશ્ન જ તેમને સૂઝ્યા. મેં તેને કહ્યું : હમણાં મને નહીં ફાવે; ફરી ક્યારેક મળીશું. મેં પૂછ્યું : મારા ઇન્ટરવ્યૂ પછીનું કોઈ બીજું કામ તને સોંપ્યું હશે એ હવે કરવું પડશે ને ?

એણે અત્યંત ઉત્સાહિત થઈને જવાબ આપ્યો,

– એક જ ક્ષેત્રમાં સાથે કામ કરતાં પતિપત્નીનો ઇન્ટરવ્યૂ લેવાનો છે. તમે કોઈ નામ આપો ને !

મેં કહ્યું : કુન્દનિકા કાપડિયા, મકરંદ દવે...

તરત રોકડો જવાબ : તમે પણ શું બહેન ! એ બે પતિપત્ની થોડાં છે ! સરનેમ તો સાવ જુદી.

મેં એને સમજાવવાનું માંડી વાળ્યું અને એને વિદાય આપી. મને થયું, તમે જે ક્ષેત્રમાં કામ કરતા હો એ વિશે ઘોર અજ્ઞાન પણ લોકોને કઠતું નથી. વાંચનની તલબ તો રહી નહીં પણ પોતાનાં કામ માટે પરિશ્રમ, નિષ્ઠા અદશ્ય છે ત્યાં તપશ્ચર્યાની અપેક્ષા રખાય જ કેમ ! મૂળ વાત એ છે કે બહુ ઓછા, વ્યવહારની ભાષાના શબ્દોથી કામ ચાલી જાય છે. પછી બીજા શબ્દોની ઝંઝટ શી ? કોશમાંથી શોધી શોધીને ભારેખમ

શબ્દો બોલવાની આ વાત નથી. પણ રોજ રોજના વ્યવહારમાંય રૂઢિપ્રયોગો, કહેવતો અને બળકટ, સામાન્ય લાગતા, પણ અર્થચ્છાયા ધરાવતા શબ્દો આપણી બોલચાલની ભાષામાંથી ઘસાયેલા ચલણી સિક્કા ચલણમાંથી ફેંકાઈ જાય એમ ફેંકાઈ ગયા છે. આપણાં દાદા-દાદી કે બા વળી કઈ યુનિવર્સિટીમાં ભણવા ગયાં હતાં ! ઘણાંને અક્ષરજ્ઞાન પણ નહોતું અને ભોગેજોગે જો સહી કરવાની આવે તો અંગૂઠો મારવો પડે, તોય એમની પાસે કેવો વિપુલ શબ્દભંડાર હતો ! એ બધા શબ્દો લુપ્ત થતા જાય, એની સાથેનો સંસ્કૃતિસંદર્ભ પણ નાશ પામે; એ લહેકો, શબ્દોનો રણકો અને ટહુકો હવે તો ગયા જ ને ! થોડાં વર્ષો પહેલાં મારે બે-ચાર વખત બેંગ્લોર કોઈને ત્યાં રહેવાનું બન્યું હતું. તેમને ત્યાં કામ કરવા આવતી કન્નડ કિશોરી ભાંગીતૂટી હિંદીમાં ઘણા સંસ્કૃત શબ્દો વાપરતી. એ વાસણ સાફ કરવા આવે ત્યારે પાત્ર સફાઈ કરવા આવી છે એમ સહજતાથી કહેતી.

મુંબઈમાં લિટરરી ફેસ્ટિવલની મોસમ પૂરબહારમાં ખીલી છે. ટાઇમ્સ ‘‘લિટરલી કાર્નિવલ’’ હમણાં જ પૂરો થયો. એની થીમ હતી, ‘‘ગ્રીડ, ધ સિટી ઍન્ડ ધ પરસ્યૂટ ઑફ હૅપીનેસ.’’ સુકેતુ મહેતા કીનોટ સ્પીકર હતા. (ન્યૂયૉર્ક યુનિ. સાથે જોડાયેલા છે, મને લંડન બુકફેરમાં મળેલા ત્યારે સરસ ગુજરાતીમાં મારી સાથે વાતો કરી હતી.) ઘણાં જાણીતાં નામ (લગભગ દરેક સાહિત્યમેળામાં એ જ નામો હોય છે) હતાં, બાંદ્રાના મહેબૂબ સ્ટુડિયોમાં ત્રણ દિવસનો મેળો હતો. પ્રાદેશિક ભાષાના લેખકોનાં કોઈ નામ નજરે ન ચડ્યાં.

જયપુર ફેસ્ટિવલથી આ ઉત્સવોની ફૅશન શરૂ થઈ. લાખો-કરોડોનાં આંધણ મુકાય છે. (એટલા રૂપિયાનાં પુસ્તકો વેચી બતાવે તો ?) ‘આઉટલૂક’નાં તંત્રી વિનોદ મહેતાએ જયપુર ફેસ્ટિવલના મુખ્ય લક્ષણનું આ પ્રમાણે વર્ણન કર્યું છે :

જયપુર ફેસ્ટિવલને તમે આસાનીથી જયપુર પાર્ટી (જલસા) ફેસ્ટિવલ એવું નવું નામ આપી શકો. દરરોજ સાંજે બેત્રણ જલસા યોજાતા, જ્યાં ચમકદાર વાતોચીતો થતી, મહિલાઓ દૈવી-પરી સમી દેખાતી અને શરાબનાં પૂર આવતાં. ના, સૌ કોઈને નોતરાં ન મળતાં. સૌથી જબ્બર જલસો પૅંગ્વિનનો રહેતો. મારે કબૂલ કરવું રહ્યું કે હું બેશરમ પ્રમાણમાં પી લેતો. કોઈ ને કોઈ કહેતું કે તમારી કિતાબ મને પ્રિય છે, તે પછી એકાદ પ્યાલી ‘વિશેષ’ ઠઠાડ્યા વગર કેમ ચાલે ?

(‘ઉદ્દેશ’, યશવંત મહેતા)

મહેબૂબ સ્ટુડિયોના લિટ. ફેસ્ટિવલમાં એક બેઠક બે યુવાનોમાં લોકપ્રિય લેખક ચેતન ભગત અને ટી.વી. પત્રકાર – ન્યૂઝ એડિટર બરખા દત્ત વચ્ચે હતી; વિષય હતો ‘‘ઑલ વી વૉન્ટ ઇઝ નૌકરી ઍન્ડ છોકરી.’’

હૉલ યુવાન શ્રોતાઓથી ભરચક્ક હતો. ચેતન ભગતે કહ્યું, ‘‘ભારતના યુવાવર્ગને આજે સારી નોકરી અને રોમાન્સની જ ઝંખના છે.’’

બરખા દત્ત : ‘‘કેમ, યુવાનોને આજે દુનિયાને બદલી નાંખવાની ઇચ્છા નથી થતી ?’’

ચેતન ભગત : ‘‘ના, પહેલાં પોતાની દુનિયા બદલવી છે.’’

(યુવાનોએ જોરદાર તાળીઓથી ભગતની વાતને વધાવી લીધી.)

બરખા દત્ત : ‘‘જો યુવાનોનું આ જ સ્વપ્ન હોય તો મને એ છીછરું લાગે છે.’’

ચેતન ભગત : ‘‘એમની ટીકા કરવાનું, ચુકાદો કરવાનું છોડી દો. મિલકતોના ભાવ આસમાનને આંબે છે, માતાપિતાને રજાઓ ગાળવા મોકલવાં છે. એ લોકો શ્રીમંત થવાનું સ્વપ્ન જુએ છે એ જ સારું છે. થેંક ગૉડ.’’

બરખા દત્ત : ‘‘ઇઝ ધેર નો રૂમ ફૉર ગાંધી ધેન ?’’

ચેતન ભગત : ‘‘ધેર ઇઝ બટ હી હૅઝ ટુ બી ઇન સિંક વિથ ધ યુથ, ઇફ ધ મહાત્મા વેર અલાઇવ ટુ ડે, હી વુડ બી ઑન ટ્વિટર.’’

આખરે બંને એક વાત પર તો સંમત થયા હતા કે આજની શિક્ષણપ્રથા વિદ્યાર્થીઓ માટે વધુ ને વધુ ટકા મેળવવાની હરીફાઈ જેવી હોવાથી તેમને સપનું જોતાં શીખવતી નથી.

અંગ્રેજી પુસ્તકોનાં બુકલોંચ પણ મહાલવાનો મેળો છે. કોઈ પબ્લિશિંગ હાઉસ કે બુકસ્ટોર આવો કાર્યક્રમ ગોઠવી આપે છે. તે પહેલો પ્રશ્ન પૂછે છે, ‘‘તમે આ ફંક્શનમાં સ્ટારપાવર લઈને આવો, મતલબ હિંદી ફિલ્મોની ફૅશનેબલ ગ્લૅમરસ અભિનેત્રી આવે, થોડું વાંચે તો તો ભયો. એ લોકોને પણ પોતાની ગ્લૅમરસ ઇમેજથી જુદી ઇમેજ ઊભી કરવી હોય – જુઓ અમે પણ પુસ્તકો વાંચીએ છીએ હોં !’’ લોંચિંગ પછી કોકટેલ્સ, એકમેકને મળવાનું અને બીજે દિવસે પેઇજ થ્રી પર ફોટોગ્રાફી. આથી રૂડું શું !

આ મેળાઓમાં પુસ્તક જ ખોવાઈ ગયું છે ત્યાં આપણે થોડા ખોવાયેલા શબ્દોની ચિંતા કરીને શું ?